**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ**
**રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ**
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/કવા–૦૪/૧૮–૧૯/ 3651-9 . તા 28-5-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રામુબેન ભીખાભાઈ ડાભી,
ગામ જુવાનપર, વાયા ભાટીયા
તાલુકો જામ કલ્યાણપુર
જિલ્લો દેવભૂમિ દ્વારકા
PINCODE 36 13 15
મો:૯૬૬૨૨૩૩૦૯૬

**વિષય :–વધુ યુનીટ ના બીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૧૭/કવા–૦૪/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

6B

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**


**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/ક્વા–૦૪/૧૮–૧૯/** તા.

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૭/ક્વા–૦૪/૧૮–૧૯

અરજદાર: રામુબેન ભીખાભાઈ ડાભી ગામ: જુવાનપર

રજૂઆત કરનાર: અરજદાર હાજર રહેલ નથી.

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – વિભાગીય કચેરી, દ્વારકા

રજૂઆત કરનાર: એન. એચ. વીસણા, નાયબ ઈજનેર, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર, અને કે.એ.ઓઝા,નાયબ ઈજનેર, કલ્યાણપુર પેટા વિભાગીય કચેરી

## :: કોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જામનગર

તારીખ: ૨૧-૦૫-૨૦૧૯ ( મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯-૦૪-૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી - જેમાં અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ સદર કેસની સુનાવણી તા. ૨૧-૦૫-૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રામુબેન ભીખાભાઈ ડાભી, ગામ:જુવાનપર તેઓની અરજી ના નોધણી નંબર :૧૭/ક્વા–૦૪/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ વિધ્વા હોય – તેમજ તેઓના જોડાણ નુ ફાસ્ટ મીટર હોવાથી – તેઓએ મીટર બદલાવવાની અરજી તા.૨૯–૦૫–૧૨ ના રોજ રસીદ નંબર: ૭૭૮, ૭૮૮ રૂ.૧૫૦/– ભરપાઈ કરીને કરેલ હતી. પરંતુ, મીટર ને બદલવામા આવેલ નથી. ત્યારબાદ, તા.૧૯–૧૦–૧૮ ના રોજ સદર મીટર ને પર્ફોમા –૧૫ નંબર મુજબ બદલાવેલ અને તેમાં તેઓના પતિ ૧૦ વર્ષ પહેલા ગુજરી ગયેલ હોવા છતા – તેઓની સહી કરીને લખી ગયેલા છે, જે અન્વયે તેઓને રૂ.૪૫,૪૭૦/– નુ તોતીગ બીલ આપેલ – જે ખોટુ બીલ હોય – તેમજ તેઓ ભરપાઈ કરી શકે તેમ સક્ષમ ન હોય – જે અન્વયે વીજજોડાણ કાપવાની કાર્યવાહી થતા – તેઓએ સબંધક પેટા વિભાગીય કચેરી માં રજુઆત કરેલ – આમ, સદર બાબતે તેઓને કોઈ જાણકારી ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર શ્રી તેઓના પતિ સ્વ. ભીખાભાઈ ફોગભાઈ ડાભી ના નામે ગ્રાહક નં.-૮૨૪૨૬/૦૦૨૬૯/૭ થી વીજજોડાણ ધરાવે છે. માહે ઓગષ્ટ-૨૦૧૨ ના બીલ મુજબ – છેલ્લા રીડીંગ ૫૨૧૦ બાદ સદર સ્થળ પર મીટર રીડીંગ કરવા દીધેલ નથી. તા.૧૪-૧૦-૧૮ ના રોજ સદર મીટર બદલાવતા – ૫ર્ફોમા –૧૫ મા સહી કરેલ નથી. તેમજ, મીટર ટેસ્ટીંગ લેબ ખાતે સદર મીટર ની તપાસણી માટે આપેલી તારીખોમાં અરજદાર કે તેના પ્રતિનીધી હાજર ન રહેતા – તા.૦૫-૧૨-૧૮ ના રોજ કંપની ના નિયમ મુજબ – એક તરફી મીટર ટેસ્ટીંગ લેબોરેટરીમાં ચકાસણી કરેલ. જેમા રીડીંગ ૬૬૪૮ જણાવેલ. જે અન્વયે પેન્ડીંગ યુનીટ નુ બીલ રૂ.૪૫,૪૭૦/– અપાયેલ, જે અરજદાર દ્વારા ભરપાઈ કરાયેલ નથી. આમ, અરજદાર ને અપાયેલ વીજબીલ નિયમાધીન યોગ્ય છે.

૩.૧ ઉપરોક્ત બાબતના અનુસંધાને અરજદાર દ્વારા બાકી રહેતા લેણાની રકમ તા.૧૮.૦૪.૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે વધુમાં અરજદારના ખેતીવાડી બે નવીન વીજજોડાણની અરજી અન્વયે કાર્યવાહી કંપનીના નિયમોનુસાર અગ્રતાના ધોરણે કરવામાં આવશે, તથા અરજદાર દ્વારા ઘરવપરાશના વીજ જોડાણ માટે જરૂરી દસ્તાવેજો સાથે અરજી કરવામાં આવશે. તે મુજબની આગળની કાર્યવાહી કંપનીના નિયમ મુજબ કરવામાં આવશે. અરજદાર દ્વારા સદર કામગીરીથી સંતુષ્ટ થઇ તે અંગેના સમાધાન પત્ર તા. ૧૭-૦૫-૧૯ માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત રજૂઆત તથા સામાવાળાની રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ પેરા નં ૨.૦ અને પેરા નં ૩.૦, ૩.૧ અન્વયે અરજદારની સદર ફરિયાદનું સંતોષકારક નિરાકરણ થતા - અરજદારે સમાધાન પત્ર તા.૧૭-૦૫-૧૯ થી લેખીત સંમતીપત્ર મા સહી કરી આપેલ છે.

૪.૨ આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(શ્રીમતી કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
કા.વા.ચેરપર્સન

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot